# જીએનએફસી ગેસ ગળતરમાં મૃત્યુ આંક ૪ પર પહોંચ્યો

અમદાવાદ, તા.૩

ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર લિમિટેડ (જીએનએફસી) પ્લાન્ટમાં ગેસ લીક થવાના કારણે ભારે અફડાતફડી મચી ગઈ હતી. ગેસ ગળતણના કારણે ચાર લોકોના મોત થતા આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. જાન્યુઆરી ૨૦૧૪માં પણ આવી જ ઘટના બની હતી તે વખતે ૨૧ લોકોને અસર થઈ હતી. ગેસ ગળતરની ઘટના બાદ ચાર લોકોના મોત થઈ ગયા હતા અને અન્ય ૮ લોકોને માઠી અસર થઈ હતી. તેમની હાલત ગંભીર જણાવવામાં આવી છે. ભરૂચમાં દહેજ ખાતે જીએનએફસીના ગેસ પ્લાન્ટમાં આ બનાવ બન્યો હતો. બીજી બાજુ બનાવની જાણ થતા જ જીપીસીબી, પોલીસ અને ભરૂચ ડિસ્ટ્રીક્ટ એડમિનિસ્ટ્રેશન ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. આ સંદર્ભમાં ફરિયાદ નોંધવામાં આવ્યા બાદ તપાસ હાથ ધરવામાં આવી છે.

ગંભીર અસર પામનાર કર્મચારીઓની ભરુચની અલગ અલગ હોસ્પિટલમાં લઈ જવાયા હતા.

બીજી તરફ આઈએસએચડીએ મૃતકોના પરિવારજનોને આઠ-આઠ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી હતી. બનાવ બાદ ત્રણને ડિસ્ચાર્જ આપી દેવાયો છે, બે કર્મચારીને વડોદરામાં જ્યારે ચારને ભરુચની સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે.

આ તમામની તબિયત સ્થિર છે. તો ભરુચ કલેક્ટર સંદીપ સેન્ગલે ઘટના વિશે કહ્યું હતું કે, ટેનિકલ કામીના કારણે આ ઘટના બની હતી. ઈન્ડસ્ટ્રીયલ હેલ્થ એન્ડ સેફટીના ડિરેક્ટર આ ઘટનાની તપાસ કરશે. તેમણે એમ પણ કહ્યું હતું છે કે, કંપની આ ઘટનાને પગલે ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવાઈ છે અને તપાસ પૂર્ણ થાય ત્યાં સુધી પ્લેન્ટ બંધ રહેશે.

## લોન્ચપેડ દેખાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તેમાંથી એક લોંચ પેડ કથુઆના હિરાનગર સેક્ટરમાં બીએસએફની ચોકીની પાછળ હોવાના અહેવાલ મળ્યા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મસરુર બડા ભાઈના માધ્યમથી પાકિસ્તાનના નુર ઉલ ઈસ્લામ બીપીઓ પર ભારે હથિયારો સાથે સજ્જ લોકો પણ નજરે પડ્યા છે. રિપોર્ટમાં એવા દાવો પણ કરવામાં આવ્યો છે કે સેના દ્વારા ૨૯મી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવેલા સર્જિકલ હુમલા બાદ ભયભીત થયેલા ત્રાસવાદી કમાન્ડરોએ પોતાના અડ્ડાને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પોક)માંથી ખસેડીને હવે જમ્મુના આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થાપિત કરી લીધા છે. એમ કહેવામાં આવે છે કે ભારતના થર્મલ અને મિની માનવ રહિત વિમાનોથી બચવા માટે પાકિસ્તાની ત્રાસવાદીઓ દ્વારા તેમના અડ્ડાના સ્થળ બદલી દેવામાં આવ્યા છે. એમઆઈના અહેવાલ મુજબ આશરે બે વર્ષ પહેલા લશ્કરે તોયબાના ચાર લોંચ પૈડ સ્થાપિત કરવામાં આવ્યા હતા. પરંતુ લશ્કરે તોયબાએ ત્યાં ત્રાસવાદીઓને મોકલ્યા નથી. જેથી તેનુ સંચાલન થઈ શક્યુ ન હતુ. આ અંગેનો ખુલાસો લશ્કરે તોયબાના સ્થાપક ખતરનાક હાફીજ સઈદના સાથી અબ્દુલ કયુમની ધરપકડ બાદ થયો છે.

## જીએસટી સ્લેબ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવશે. જરૂરી ચીજવસ્તુઓ ઉપર કરના દરને પાંચ ટકા રાખવાનો નિર્ણય કરાયો છે. આ ઉપરાંત સામાન્ય ઉપયોગની ચીજવસ્તુઓને ૧૮ ટકાની હદમાં રાખવાનો નિર્ણય કરાયો છે. નાણામંત્રીના કહેવા મુજબ અન્ય કેટલીક ચીજવસ્તુઓ ઉપર પેટા કરવેરા અથવા તો સેસ પણ લાગુ થાય છે. ટીવી, એસી, ફ્રિઝ, વોશીંગ મશીન વધુ સસ્તા કરવામાં આવશે. જીએસટીની નવી વ્યવસ્થા અમલી બની ગયા બાદ આ તમામ ચીજવસ્તુઓ સસ્તી થશે. એટલે કે કન્ઝયુમર ચીજવસ્તુઓની કિંમતમાં ઘટાડો થશે. ચાર સ્તરીય કરવેરા માળખામાં આંશિક સુધારા કરવામાં આવ્યા છે. ચાર સ્તરીય માળખા અગાઉ છ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૬ ટકાની વાત હતી. ગયા મહિને જીએસટી કાઉન્સિલમાં આ રેટ ઉપર ચર્ચા હાથ ધરાઈ હતી. કેન્દ્ર સરકારે સોના ઉપર ચાર ટકા જીએસટીને લઈને કરવેરાનું સૂચન કર્યું હતું. જેટલીએ કહ્યું હતુ કે આ અંગે અંતિમ નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી.

વર્તમાન દરખાસ્ત મુજબ અનાજમાં શૂન્ય ટકાનો રેટ વધશે. જીવન જરૂરી ચીજવસ્તુઓમાં રાહત આપવામાં આવી છે. કેન્દ્રિય નાણામંત્રી જેટલીના નેતૃત્વમાં કાઉન્સિલની બેઠક આજે યોજાઈ હતી.

## બાકીની સમસ્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતા. સ્વતંત્ર ભારતના પ્રથમ પરમવીરચક્ર વિજેતાને શ્રદ્ધાંજલી આપવા માટે તેઓ પહોંચ્યા હતા. આ ઉપરાંત ૧૯૪૭માં શ્રીનગર એરપોર્ટના અંકુશથી પાકિસ્તાની હુમલાખોરોને ખદેડી મુકવામાં ભૂમિકા અદા કરનારને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. પારીકરે કહ્યું હતું કે સરકાર ઓઆરઓપીના મુદ્દાને લઈને ખૂબ જ સંવેદનશીલ છે કારણ કે છેલ્લા ૪૩ વર્ષથી આનો અમલ થયો નથી. અમે આને અમલી કરી રહ્યા છીએ. દર વર્ષે ૭૫૦૦ કરોડ ખર્ચ થશે અને ૧૧ હજાર કરોડ એરીયર્સની ચૂકવણી કરવામાં આવી ચુકી છે. પેન્શનમાં સરેરાશ ૨૩ થી ૨૪ ટકાનો વધારો થયો છે. કોઈપણ પ્રકારની ગૂંચવણ નથી. પૂર્વ જવાનોની સમસ્યા સાંભળવામાં આવી રહી છે. તેમની સાથે વાતચીત ચાલી રહી છે. આજે તેમની સામે જે કઈપણ સમસ્યા આવી છે તેને પણ આવનાર સમયમાં ઉકેલી લેવાશે.

## ટાવર કોલોની

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ પ્રોજેકટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. કર્મચારીઓને સુવિધાયુક્ત અને અધ્યતન આવાસો પુરા પાડવામાં આવશે. આ કોલોનીને કોર્પોરેટ લુક આપવામાં આવશે. સે-૭ અને ૨૯ ની સાથે અન્ય સેકટરમાં પણ નવા આવાસો બાંધવા માટે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સ્થળ પસંદગી કરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. નવા આવાસોની સાઈટ નક્કી કરવા માટે ઉચ્ચ કક્ષાએ વિચારણા હાથ ધરાયા બાદ સે-૩૦ માં નવા આવાસો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

સે-૩૦ માં નાના શોપિંગ સેન્ટર પાછળની સાઈટમાં ૧૨ બ્લોક બાંધવામાં આવશે. જયારે એક બ્લોકમાં ૨૮ યુનિટ ઉભા કરાશે. ગ્રાઉન્ડ પ્લસ સાત મજલાના બિલ્ડીંગમાં સઘળી સુવિધા ઉપલબ્ધ થાય તે મુજબનુ આયોજન કરવામાં આવ્યુ છે. રહીશોને બગીચો તેમજ પાર્કીંગ સુવિધા ઉપલબ્ધ થાય તેનો પણ ખ્યાલ રાખવામાં આવ્યો છે. સે-૨૯ માં પણ હાલ ૪૪૮ મકાનો બાંધવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે સે-૩૦ માં પણ આ પેટર્ન મુજબ જ કામ હાથ ધરાશે. નવા આવાસો બાંધવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં જ કામ શરૂ કરી દેવાશે.

## ગુણવત્તા ચકાસશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ત્યારબાદ ૧૦-૧૦ સભ્યોની ટીમ બન્ને જિલ્લા ગાંધીનગર અને નવસારી જવા રવાના થશે. રવિવારે ગાંધીનગર જિલ્લા પંચાયતના સરદાર હોલમાં જિલ્લાની આરોગ્ય સેવાઓ તેમજ કામગીરી અંગેની પ્રાથમિક સમીક્ષા અધિકારીઓ સાથે કરશે.

સોમવારથી ગુરૂવાર સુધી આ ટીમના સદસ્યો જિલ્લાના આરોગ્ય કેન્દ્રોની મુલાકાતે જશે તેમજ સેવાઓના લાભાર્થીઓની ચકાસણી કરશે. ત્રણ વર્ષ દરમ્યાન અપાયેલી સેવાઓ અને લાભાર્થીઓની આ ટીમ સમીક્ષા કરશે તેમ મનાઈ રહેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં આરોગ્યની સેવાઓના સઘનીકરણ માટે લેવાયેલા પગલાંઓ તેમજ સેવાઓની ગુણવત્તા અંગેની ઝીણવટભરી સમીક્ષા આ મિશન કરશે. આ સૂત્રો જણાવે છે કે ખાસ કરીને જનની સુરક્ષા યોજના, મા યોજના, મા અમૃતમ્ યોજના, કિશોરી સંજીવની યોજના ઉપરાંત આર.બી.એસ.કે.ની કામગીરી તેમજ મુખ્યમંત્રી નિદાન યોજના સહિત ૩૦ થી વધુ મુદ્દાઓ પર ચકાસણી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં રોગચાળાની સ્થિતિ, તંત્ર દ્વારા લેવાયેલા પગલાં, પરિણામ સહિતની બાબતો તેમજ યોજનાઓના અમલીકરણમાં થયેલ ખર્ચ અન્ય બાબતોની પણ ચકાસણી આ મિશન દ્વારા થશે.

કોમન રિવ્યુ મિશન દ્વારા ૨૦૦૭થી આ રીતે તપાસ કરવામાં આવે છે. આ મિશનનો રાજ્યમાં દસમો પ્રવાસ છે. જિલ્લા અને રાજ્ય તંત્ર દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

## જનજીવનમાં સન્નાટો

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

નગરના સામાજિક જીવનમાં પણ દિવાળી કેવી રહી ... તે પ્રશ્ન સર્વ સામાન્ય બન્યો છે. સોશિયલ મીડીયામાં પણ દિવાળીના મેસેજીસની વધારે પડતી ભરમારથી યુઝર્સ બોર થઈ ગયા છે. અલબત્ત નગરના જનજીવન પર દિવાળી પર્વની અસર હજુ વર્તાઈ રહી છે. ત્યારે બીજીતરફ હજુ બજારો પણ ખુલ્યા નથી. જયારે વાતવારણમાં પણ ઠંડીનો મિજાજ નિખરતા શહેરી જનજીવન પર સ્પષ્ટ વેકેશન અને ઠંડીની મોસમની અસર વર્તાઈ રહી છે.

## ૧૭મીએ સુનાવણી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આ કેસનો ચુકાદો આવી જશે તેવી ચર્ચાઓ રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. મહાનગરપાલિકાના મેયર સામે બીજી વખત કોંગ્રેસે બીજી ટર્મમાં ફરિયાદ દાખલ કરી છે. અગાઉ પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ સામે કેસ દાખલ કરેલ જેમાં પક્ષાંતર કર્યુ છે તે પુરવાર કરવામાં કોંગ્રેસ નિષ્ફળ પુરવાર થયેલ જે ઉલ્લેખનીય છે. આ વખતની ફરિયાદમાં કોંગ્રેસ અને ભાજપ બન્ને પક્ષો છાતી સરખા કાર્ડ રાખી દલીલબાજીમાં આગળ વધી રહ્યા હોવાથી સમગ્ર કેસે પાટનગરમાં ભારે રાજકીય ઉત્તેજના જગાવી છે. ૧૭મી નવેમ્બરે સુનાવણી હાથ ધરવામાં આવશે. આજે સુનાવણી બાદ બન્ને પક્ષોમાં બેઠકોનો સિલસિલો શરૂ થઈ ગયો છે.


પરમકૃપાળુ પરમાત્મા આપ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃધ્ધિ અર્પે તેવી શુભકામનાઓ સહ
નૂતન વર્ષાભિનંદન
મહેશભાઈ આઈ. બારોટ
પ્રતિનિધિ, ગાંધીનગર સમાચાર - મહેસાણા જિલ્લો
મુ.પો. ઉનાવા, તાલુકો ઊંઝા, જિલ્લો મહેસાણા
● મો. ૯૯૭૯૪૦૨૫૩૩, ૯૪૦૮૫૭૧૩૩૦

નૂતન વર્ષાભિનંદન...
ખુલ્લી હરાજી ખરૂ તોલ રોકડા નાણાં
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા
માર્કેટયાર્ડ, ઉનાવા
ફોન નં. : (ઓ) ૨૫૪૨૫૦ (ઓ) ૨૪૦૦૪૮ ફોન નં. : ચેરમેનશ્રી (રહે.) ૨૫૩૧૦૬, સેક્રેટરીશ્રી - મો. : ૯૮૨૫૦૪૬૮૬૯
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં ખેત ઉત્પાદનના માલો જેવા કે જીરૂ, વરીયાળી, રાયડો વિગેરે તેમજ રૂ, કાલાં કપાસ, તમાકુની જાહેર ખુલ્લી હરાજીથી ખરીદ વેચાણ કરવા તેમજ ખરૂ તેલ રોકડા નાણાં અને બજાર સમિતિ તરફથી ઉભી કરાયેલ અધતન સુવિધાઓનો લાભ લેવા ખેડૂતો તેમજ વેપારીઓને આગ્રહભરી વિનંતી છે.
નોંધ : ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવામાં અધતન ઓટોમેટીક કોટન જીનીંગ પ્રોસેસીંગ યુનિટ બનાવેલ છે. તો ખેડૂતોએ ઉનાવા માર્કેટયાર્ડમાં કપાસનું વેચાણ કરવા આગ્રહ રાખવો તેમજ કોલ્ડ સ્ટોરેજમાં માલ સાચવવાની ઉત્તમ સગવડ છે તેમજ કેન્ટીનમાં જમવાની ઉત્તમ વ્યવસ્થા પણ છે.

વર્ષવાર આંકડા

| વર્ષ | લાયસન્સદારોની સંખ્યા | માલની આવક ક્વિન્ટલમાં | માલનું વેચાણ કિંમત રૂપિયામાં |
|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૫૧૦ | ૨૩૪૨૦૫.૭૪ ક્વિ. | ૧,૦૫,૩૪,૫૨,૩૨૯/- |
| ૨૦૧૪-૧૫ | ૬૫૩ | ૩૩૧૩૨૭.૮૧ ક્વિ. | ૧,૬૩,૪૯,૭૧,૬૪૦/- |
| ૨૦૧૫-૧૬ | ૭૮૪ | ૩૪૦૬૮૭.૦૭ ક્વિ. | ૧,૭૨,૫૫,૫૪,૩૬૭/- |

જય કિસાન
રાજેન્દ્રકુમાર કે. પટેલ સેક્રેટરીશ્રી
હર્ષદભાઈ કે. પટેલ વાઈસ ચેરમેન
પ્રકાશભાઈ એસ. પટેલ ચેરમેનશ્રી
ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઉનાવા

નૂતન વર્ષાભિનંદન
ફોન : ૨૪૮૬૬૦
ધી ઊંઝા કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સ લિ.
ગાંધીચોક, ઊંઝા
સંસ્થામાં બાસમતિ આખા તથા તિબાર ચોખા, હેન્ડલુમ કાપડ, રણજીત સ્માર્ટ ગંજી, નાઈટ લેંઘા, ટી-શર્ટ વિગેરે વ્યાજબી ભાવે મળશે. ● તહેવારોમાં તથા શુભ પ્રસંગે આતશબાજી કરવા માટે વિવિધ વેરાયટીઝના તથા ફેન્સી ફટાકડા બારેમાસ મળશે.
મનહર ડી. રાવલ મેનેજરશ્રી
ગુણવંતભાઈ એસ. પટેલ ચેરમેનશ્રી

સર્વે ભક્તોને
નૂતન વર્ષાભિનંદન


શ્રી ગણપતિ મંદિર સંસ્થા
ઐઠોર, તા. ઊંઝા
ફોન : (૦૨૭૬૭) ૨૫૩૫૫૫, ૩૨૪૬૧૪
Web : www.shree aithoraganesh.org

સર્વેને નૂતન વર્ષાભિનંદન

શિવમભાઈ રાવલ
પૂર્વ પ્રમુખશ્રી, ઊંઝા નગરપાલિકા, ઊંઝા